વિભાગ હસ્તક ચાલતી કામગીરી/યોજનાઓના પ્રચાર-પ્રસાર માટેની PR એજંસીની પસંદગી તેમજ કામગીરી માટેની કમિટિની રચના બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:PRC-૧૦૨૦૨૧-૪૫૧૮૯૧-કો.સેલ
બ્લોક નં.૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧૧/૨૦૨૧

આમુખ:-

વિભાગ હેઠળના ત્રણેય ખાતાના વડા હસ્તકની કામગીરી/ યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે સિશિયલ મીડિયા જેવા વોટ્સએપ/ફેસબુક/ટ્વીટર તથા ઈંસ્ટાગ્રામનો ઉપયોગ કરવા માટે PR એજંસીની પસંદગી તેમજ કામગીરી નક્કી કરવા માટે કમિટીની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

૨ પુખ્ત વિચારણાને અંતે વિભાગ હેઠળના ત્રણેય ખાતાના વડા હસ્તકની કામગીરી/યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે PR એજંસીની પસંદગી તેમજ કામગીરી નક્કી કરવા માટે વિભાગની કમિટી નીચે મુજબ રહેશે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ | અધ્યક્ષશ્રી |
| ૨ | સંયુક્ત સચિવશ્રી (અ.જા.ક) | સભ્યશ્રી |
| ૩ | નાયબ સચિવશ્રી (વિજાક./આઈ.ટી) | સભ્યશ્રી |
| ૪ | નાયબ સચિવશ્રી (સ.સુ) | સભ્યશ્રી |
| ૫ | નાયબ નિયામકશ્રી (આઈ.ટી) | સભ્ય સચિવશ્રી |
| ૬ | નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ | સભ્યશ્રી |
| ૭ | નિયામકશ્રી,સમાજ સુરક્ષા | સભ્યશ્રી |
| ૮ | જી.આઈ.એલ ના પ્રતિનિધિ | સભ્યશ્રી |

સદરહુ કમિટીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) વિભાગ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓની હસ્તકની વિવિધ યોજનાઓ તથા કરવામાં આવતી વિવિધ પ્રજાલક્ષી કાર્યવાહીના સોશીયલ મિડીયા પર પ્રચાર-પ્રસાર માટે PR એજંસીની પસંદગી કરવાની રહેશે. તથા પ્રચાર-પ્રસારને આનુષાંગિક કાર્યવાહી માટે વખતોવખત આ કમિટીની બેઠક બોલાવવાની જવાબદારી અધ્યક્ષશ્રીની રહેશે.

(૨) PR એજંસીની પસંદગી કર્યા બાદ વર્ક ઓર્ડર/પરચેઝ ઓર્ડર આપવાની, પ્રચાર-પ્રસારની કામગીરીની સમીક્ષા તથા તેને સંબંધિત ઉદભવતા પ્રશ્નો અંગેની કામગીરી જે-તે ખાતના વડાની કચેરીએ કરવાને રહેશે.

(3) PR એજંસીની કામગીરી પેટે મહેંતાણાની ચુકવણી વિભાગના પરામર્શમાં રહીને સંબંધિત ખાતાના વડાની કચેરીએ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ.યુ.પરીખ

(એસ.યુ.પરીખ)

ઉપસચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(અ.જાક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સમિતિના સર્વે સભ્યો.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા અને અ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ